AHMEDABAD, THURSDAY, DECEMBER 20, 2018 | VOL.NO-4, ISSUE NO-3 | www.theopenpage.co.in | facebook.com/theopenpage | TOTAL PAGE - 8 | INVITATION PRICE: ₹20/-

RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

MONTHLY NEWS PAPER

From, The Open Page, 4th Floor Vishwa Arcade, Opp. Kum-Kum Party Plot, Nr. Akhbarnagar, Nava Wadaj, Ahmedabad - 380013 | Ph : 079-27621385/86

## આ અંકમાં શું વાંચશો?



**૨૧મી સદીનું શિક્ષણ અને ટેકનોલોજી**

આજે આપણે આપણા જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહ્યા છીએ, અગાઉ સમાજમાં, શિક્ષણ અને ટેકનોલોજી એક વિવાદાસ્પદ વિષય હતો. શિક્ષણને આધુનિક બનાવવા અને તેને ટેકિનકલ સહાયતા પર દરેકનું પોતાનું અલગ મંતવ્ય હતું. પેજ ૩



**વિશ્વાસુ વ્યક્તિ પર અવિશ્વાસ કરતા પહેલાં**

એક સમયની વાત છે. એક રાજ્યનો એક રાજા હતો. તેની પાસે એક સુંદર પોપટ હતો. તે પોપટ ખૂબજ ચતુર અને બુદ્ધિમાન હતો. આ કારણથી જ રાજા ઘણો ખુશ રહેતો હતો. પેજ ૪-૫



**IMCTF દ્વારા સંસ્કાર સંવાદમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો**

આપણી પેઢી અત્યારે એક સંક્રમણના કાળમાંથી પસાર થઈ રહી છે. આપણે ઘણા બધા પડકારોનો સામનો કરી રહ્યા છીએ અને તેના ઉકેલો પણ શોધી રહ્યા છીએ. પેજ ૭



**સ્વયંશિસ્તથી અભ્યાસમાં સફળતા**

દરેક માતાપિતાનું સપનું હોય છે કે તેનું બાળક અભ્યાસમાં ઝડહળતો દેખાવ કરે. પરંતુ બધાનું સપનું પૂરું નથી થતું હોતું. પેજ ૮

# જો જો ઝઘડતા નહીં

## ‘જા જા જાડિયા...’ ‘તુ તો મદનિયો છો..’



**જયવંત પંડ્યા**
વરિષ્ઠ પત્રકાર અને કોલમિસ્ટ

તમે જો તમારી શાળામાં તમારા વધુ વજનવાળા દોસ્તારને આવી રીતે ચીડવતા હો તો અટકી જજો. આમ તો કોઈને તેના શરીરની કોઈ ખાસિયત કે ખામીને કારણે ચીડવવો ખોટો છે. તેના ગુણ જોવાય. તેનું શરીર નહીં. પરંતુ આજકાલ લોકો શરીરને વધુ પ્રાધાન્ય આપે છે. આથી કોઈ સુંદર હોય તો તેના વખાણ જરૂર કરી શકાય. પરંતુ કુરૂપતાના કારણે ચીડવી ન શકાય.

માતાપિતા પોતે પણ તેમના બાળકોને કે બીજાનાં બાળકોને જાડિયા કહીને, ગોલુ કહીને કે મોટુ કહીને બોલાવતા હોય છે. તેથી પોતાનાં સંતાનોને ટપારવાનું ભૂલી જાય છે કે કોઈની કુરૂપતાના કારણે તેની મજાક ન ઉડાવવી જોઈએ.

શાળામાં કે આસપાસ રહેતા મિત્રોમાં આવી મજાક ક્યારેક ઝઘડાનું કારણ બની શકે છે અને તેનાથી આગળ તે કૉર્ટ કેસ પણ બની શકે છે. જી હા, તમે સાચું વાંચ્યું. કૉર્ટ કેસ બની શકે છે. તાજેતરમાં વલસાડમાં આવો જ એક કિસ્સો બની ગયો. જેની ચૂંટણીના સમાચારોમાં ચર્ચા ઓછી થઈ. વલસાડમાં બે મિત્રો રહે છે. એકનું નામ સુલેમાન અન્સારી અને બીજાનું નામ સરફરાઝ આગા. સુલેમાન ૧૮ વર્ષનો છે. તેથી તેને પુખ્ત કહી શકાય. એમ માની શકાય કે તે મતદાન કરવા લાયક છે. તેથી તેને સારાનરસાની ખબર પડે. કોને શું કહેવું તે ખબર પડે. જ્યારે સરફરાઝ ૧૫ વર્ષનો અને જરા ભરાવદાર શરીરવાળો. બંને મસ્જિદની બહાર લડી પડ્યાં.

લડવાનું કારણ? સુલેમાન સરફરાઝને તેના જાડા શરીરનાં કારણે ચીડવતો હતો. આના કારણે સરફરાઝ ચીડાઈ ગયો અને સુલેમાનને મારવા લાગ્યો. વાત એટલી વણસી ગઈ કે સરફરાઝના પિતાએ સુલેમાનના પિતાને મારવાની ધમકી આપી હોવાનું કહેવાય છે. ખરેખર તો સરફરાઝે કે તેના પિતાએ ફરિયાદ કરવાની જરૂર હતી પરંતુ પોલીસે સુલેમાનની વાત સાંભળી સરફરાઝ અને તેના પિતા રફીકભાઈ સામે ભારતીય દંડ સહિતા (આઈ પીસી) ની કલમ ૩૨૩ અને ૫૦૪ હેઠળ ફરિયાદ નોંધી. બંને રહેતા હતા તો નજીક-નજીક એટલે ઝઘડો લાંબો ખેંચી શકે તેમ નહોતા અને વાત હતી પણ સાધારણ. આથી બંનેને એફઆઈઆર રદ્દ કરાવવી હતી. આથી તેઓ ગુજરાત ઉચ્ચ ન્યાયાલય (હાઈકૉર્ટ)માં આવ્યાં.

સામાન્ય રીતે તો હાઈકોર્ટ આવી ફરિયાદો કે કેસોનો ફટ નિકાલ કરી નાખે

> **મિત્રો, તમારી આજુબાજુ કોઈ વિદ્યાર્થી જો ભણવામાંથી ઉઠી જાય તો તેના ઘરે જઈને તમે કારણ જાણજો અને તમારાં માતાપિતા કે શિક્ષકને કહીને તે કારણ નિવારી શકાય તો નિવારજો કારણકે અધૂરા ભણતરથી આવી સ્થિતિ થતી હોય છે. વિદ્યાથી વિનય આવે છે.**

પરંતુ ન્યાયમૂર્તિ ગોકાણીને રસ પડ્યો. તેમને થયું કે આ બંને બાળકોનું આવુ વર્તન કેમ? આથી ગત ૩૦ નવેમ્બરે બંને બાળકોને માતાપિતા સાથે હાજર રહેવા કહેવાયું.

બંને હાજર થયા ત્યારે ખબર પડી કે વાતનું મૂળ શું છે? સરફરાઝે કહ્યું કે સુલેમાન તેને જાડિયો, જાડિયો,



> **કોઈને તેની કુરૂપતાના કારણે ચીડવવું કે તેની મજાક ઉડાવવી યોગ્ય નથી**

જાડિયો કહીને ચીડવતો હતો.

એકવાર તેને ગુસ્સો આવી ગયો તો તેણે તેને સામે ચોપડાવી દીધી. જ્યારે સુલેમાને તેનો જવાબ આપ્યો ત્યારે સરફરાઝના પિતાએ તેને ત્રણ-ચાર લાફા મારી દીધા. હવે સુલેમાન ધોરણ-૧૦માં નાપાસ થતાં શાળામાંથી ઉઠી ગયો હતો. તેને ભણવામાં કોઈ રસ નહોત અને તે તેના સગાને ધંધામાં મદદ કરતો હતો, તેવું જાણવા મળ્યું. આમ, ભણતર પૂરું ન થવું તે પણ એક કારણ આ ઝઘડાનું હતું.

મિત્રો, તમારી આજુબાજુ કોઈ વિદ્યાર્થી જો ભણવામાંથી ઉઠી જાય તો તેના ઘરે જઈને તમે કારણ જાણજો અને તમારા માતાપિતા કે શિક્ષકને કહીને તે કારણ નિવારી શકાય તો નિવારજો કારણકે અધૂરા ભણતરથી આવી સ્થિતિ થતી હોય છે. વિદ્યાથી વિનય આવે છે.

જોકે બીજી તરફ સરફરાઝનો પણ વાંક હતો. તે તેના ગુસ્સા પર કાબૂ ન રાખી શક્યો. આમ, તમને કોઈ ચીડવે તો કાંતો શિક્ષકને જાણ કરો અથવા તમારા માતાપિતાને જાણ કરો. જેથી ઝઘડો આગળ ન વધે. અને માતાપિતા પણ કાળજી લે કે જ્યારે તેમને તેમના બાળકના ઝઘડાની જાણ થાય ત્યારે સામેવાળા બાળકને મારવાના બદલે તે બાળકનાં માતાપિતાને વાત કરી સમજાને. સીધા મારામારી પર ન ઉતરી આવે.

ન્યાયાધીશે બહુ સારો ચુકાદો આપ્યો. સરફરાઝ સામે આરોપો પડતા મૂકી દીધા. ફરિયાદ રદ્દ કરી નાખી.

સરફરાઝને ગુસ્સો કાબૂમાં લેતા શીખવાડવું જોઈએ અને તે માટે કન્સલ્ટિંગ સેશનમાંથી પસાર થવું જોઈએ તેમ કહ્યું. સુલેમાનને ભણતર પુરું કરવાનું કહ્યું. બંને બાળકોને આઠ સપ્તાહ માટે યોગની પ્રતિષ્ઠિત સંસ્થામાં પ્રશિક્ષણ લેવા કહ્યું. જો જરૂરી હોય તો બાળકોના મનોવિજ્ઞાનીઓ કે શિક્ષણવિદો પાસે સલાહ પણ લેવડાવવા કહ્યું. આ બધાની જવાબદારી વલસાડ પોલીસના તપાસકર્તા અધિકારીને સોંપી.

એટલુ જ નહીં. સુલેમાનને ભણવામાં મન જ નથી લાગતું તે જાણીને તેમણે તપાસકર્તા અધિકારીને કહ્યું કે તેઓ તેની શાળાના પ્રિન્સિપાલને મળીને પછે કે સુલેમાન ડિસ્લેક્સિયાથી ગ્રસિત તો નથીને.

બાળકોને સજા કરવાથી જ બધા પ્રશ્નોના ઉકેલ નથી આવી જતાં. સમજાવટથી કે યોગથી કે અન્ય મેડિકલ ટ્રીટમેન્ટથી પણ આવી શકે છે. તે આ કિસ્સા પરથી જાણવા મળે છે.

# ડી.પી. પરિવાર તથા ગાયત્રી પરિવાર દ્વારા ચાર લાખ રૂપિયાનું કેરળમાં રાહત ફંડ આપવામાં આવ્યું






અમે જણાવતાં ગર્વની લાગણી અનુભવીએ છીએ કે ડી.પી. શાળા પરિવારના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા ટ્રસ્ટી મંડળ દ્વારા કેરળમાં આવેલ પૂર માટે ૪,૦૦,૦૦૧/- (ચાર લાખ એક રૂપિયા) જેટલી માતબર રકમનો ફાળો એકત્ર કરવામાં આવેલ છે. સમાજનું ઋણ અદા કરવાની ભાવના વિદ્યાર્થીઓમાં વિકસે એવો અમારો ધ્યેય અહી સિદ્ધ થાય છે.

ડી.પી. પરિવાર દ્વારા એકત્ર કરેલ ફાળામાંથી ૧,૦૦,૦૦૦/- (એક લાખ રૂપિયા) ગાયત્રી પરિવાર તથા વિવેકાનંદ મેડિકલ મિશન કેરળની મદદ કરવામાં આવી તથા ૩,૦૦,૦૦૧/- (ત્રણ લાખ એક રૂપિયા) નો ચેક પ્રધાન મંત્રી રાહત ફંડમાં ઉપ મુખ્ય પ્રધાન શ્રી નીતિનભાઈ પટેલને અર્પણ કરવામાં આવ્યો. ડી.પી. પરિવારની સેવાકીય પ્રવૃત્તિ તથા રાષ્ટ્રભાવનાને ગવર્નર શ્રી.ઓ.પી. કોહલી, શિક્ષણપ્રધાન શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા સાહેબ, મહેસૂલ પ્રધાન શ્રી કૌશિકભાઈ પટેલ સાહેબ દ્વારા બિરદાવવામાં આવી તથા વિદ્યાર્થીઓની રાષ્ટ્રભાવના અને સમાજ ભાવનાને પ્રોત્સાહિત કરવામાં આવી.

# માધવ વિદ્યા સંકુલમાંથી શૈક્ષણિક પ્રવાસનું આયોજન





માધવ વિદ્યા સંકુલમાંથી ઉદેપુર, કુંભલગઢ, હલ્દીઘાટી, શામળાજી જેવાં સ્થળોએ ધોરણ- ૫ થી ૭ના વિદ્યાર્થીઓ માટે ૩ દિવસના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

# આંગણકા શાળા સ્વચ્છ શાળા સન્માન




આગાખાન સંસ્થા પ્રેરિત આગાખાન એજન્સી ફોર હેબીટાટ ઈન્ડિયા અંતર્ગત મહુવા તાલુકા સ્વચ્છ શાળા સ્પર્ધામાં આંગણકા પ્રાથમિક શાળા દ્વિતીય ક્રમે આવેલ. આ સ્વચ્છ શાળા પ્રેરણા પ્રવાસ કાર્યક્રમમાં આંગણકા શાળાના આચાર્ય પ્રવીણભાઈ મકવાણાને સ્વચ્છ શાળા સન્માન પત્ર અને ટ્રોફી સંસ્થાના પ્રોગ્રામ કોઓર્ડિનેટર બસીર લાખા અને પ્રોગ્રામ મેનેજર દશરથભાઈ બારૈયાના વરદહસ્તે એનાયત થયેલ. રાજુલા તાલુકાના ભાક્ષી પ્રાથમિક શાળા ખાતે યોજાયેલ સ્વચ્છ શાળા પ્રેરણા પ્રવાસ દરમિયાન ૪૪ શાળાના આચાર્ય, શિક્ષકો, અને બાળકોને સ્વચ્છતા અંગે માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી.

# ભીના-સૂકા કચરા અંગે માર્ગદર્શન




રામેશ્વર શિક્ષણ સંકુલ, ગેલેક્ષી ગ્લોબલ સ્કૂલ અને અ.મ્યુ.કો. નિકોલ વોર્ડના સંયુક્ત ઉપક્રમે શાળાના વિદ્યાર્થીઓને ભીનો કચરો લીલા રંગના ડસ્ટબીનમાં અને સૂકો કચરો વાદળી રંગના ડસ્ટબીનમાં નાખવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. દેશના પ્રથમ હેરીટેજ સીટીને સ્વચ્છ બનાવવા માટે તમામ નાગરિકોએ સહકાર આપવો જોઈએ.



**લક્ષ્મણ જ્ઞાનપીઠ, સંસ્કારધામનું ગૌરવઃ** ગાંધીનગર ખાતે યોજાયેલ ઝોનલ લેવલની (સાત રાજ્યો વચ્ચેની) ઈન્ટર સ્કૂલ બેગ પાઈપ બેન્ડ કોમ્પિટિશન ૨૦૧૮માં લક્ષ્મણ જ્ઞાનપીઠના ૨૫ વિદ્યાર્થીઓએ પ્રથમ ક્રમાંક અને ૧૦,૦૦૦ પરિતોષિક મેળવી રાજ્ય કક્ષાએ ચેમ્પિયનશીપ પ્રાપ્ત કરેલ છે. તેમજ આગામીના રાજો દિલ્લી ખાતે રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જઈ રહ્યા છે.



માધવ વિદ્યા સંકુલમાં મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.





માધવ વિદ્યા સંકુલમાં કેશ ગુંથણની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

**વૈધાનિક સૂચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

**ટૅકનૉલૉજીના ઉપયોગથી શિક્ષકો, વિદ્યાર્થીઓ અને માતા-પિતા તેમની આગળીઓના ટેરવે વિવિધ પ્રકારના શિક્ષણ ટુલ્સ પ્રાપ્ત છે**

# ૨૧મી સદીનું શિક્ષણ અને ટેક્નોલોજી



**કૌશલ જાની**
**સહાયક પ્રોફેસર,**
**કોમ્પ્યુટર એન્જિનિયરીંગ વિભાગ**
**સાલ એજ્યુકેશન કેમ્પસ, અમદાવાદ**




આજે આપણે આપણા જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ટૅકનૉલૉજીનો ઉપયોગ કરી રહ્યા છીએ, અગાઉ સમાજમાં, શિક્ષણ અને ટૅકનૉલૉજી એક વિવાદાસ્પદ વિષય હતો. શિક્ષણને આધુનિક બનાવવા અને તેને ટેકિનકલ સહાયતા પર દરેકનું પોતાનું અલગ મંતવ્ય હતું. શિક્ષણમાં ટેકનોલોજીના સંખ્યાબંધ હકારાત્મક અને નકારાત્મક અભિગમ હતા. પરંતુ ધીમેધીમે ટેકનોલોજીને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સ્વીકારવામાં આવી રહી છે. તેથી તેમને ટેકનોલોજીનું મહત્વ સમજાયું. હવે ટેકનોલોજી સાથે શિક્ષણએ એક નવો અર્થ મેળવ્યો છે અને તે એ કે અમારી શૈક્ષણિક પ્રથા આગળ વધતી ટેકનોલોજીને કારણે બદલાઈ રહી છે. જો ટૅકનૉલૉજી અને શિક્ષણ યોગ્ય કારણ અને દષ્ટિકોણથી સાથે મળે તો એક મહાન સંયોજન બનાવે છે. ટૅકનૉલૉજીના ઉપયોગથી શિક્ષકો, વિદ્યાર્થીઓ અને માતા-પિતા તેમની આગળીઓના ટેરવે વિવિધ પ્રકારના શિક્ષણ ટુલ્સ પ્રાપ્ત છે. અહીં કેટલીક રીતો દર્શાવેલ છે જેમાં ટૅકનૉલૉજી સમયાંતરે શિક્ષણમાં કઈ રીતે સુધારો કરે છે તે દર્શાવ્યું છે.

શિક્ષકો તેમના વિચારો શૅર કરવા માટે ઓનલાઇન ટેકનોલોજી ઉપયોગ કરી શકે છેઃ તેઓ તુરંત જ સમગ્ર વિશ્વમાં અન્ય લોકો સાથે વાતચીત કરી શકે છે, તેમના કાર્યની ખામીઓને શોધી શકે છે, તેને સુધારી શકે છે અને તેમના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ જ્ઞાન આપી શકે છે. આ અભિગમ ચોક્કસ પણે શિક્ષણની પ્રથાને વધારે હકારાત્મક બનાવે છે.

વિદ્યાર્થીઓ નાની ઉંમરે કુશળતાથી મૂલ્યવાન સંશોધન વિકસિત કરી શકે છેઃ ટેકનોલોજી વિદ્યાર્થીઓને પુષ્કળ ગુણવત્તાની માહિતી આપે છે જે વિદ્યાર્થીને પહેલાં કરતાં વધુ ઝડપી દરે શીખવા તરફ દોરી જાય છે.

વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો ઇન્ટરનેટ વેબસાઇટોનો ઉપયોગઃ ઇન્ટરનેટની વિશ્વસનીય વેબસાઇટો પર ઉપલબ્ધ માહિતી શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંનેને ઉપયોગી બની શકે છે. ઇન્ટરનેટ વિવિધ પ્રકારનું જ્ઞાન પ્રદાન કરે છે અને વિદ્યાર્થીઓને એક વ્યક્તિના અભિપ્રાયમાં મર્યાદિત કરતું નથી.

એવા અસંખ્ય ઉદાહરણો છે જેમાં આપણે ટેકનોલોજીને અપનાવ્યા પછી, શિક્ષણમાં સુધારણા જોઈ શકીએ છીએ. હું તમને વધુ વાસ્તવિક ચિત્ર પ્રદાન કરવા માટે એક નોંધપાત્ર નવી ટેકનોલોજીનું ઉદાહરણ જણાવીશ.

**ફ્લિપ ક્લાસરૂમઃ**- આ ટેકનોલોજીમાં વિદ્યાર્થીઓ ગૃહકાર્યમાં એક વિડિયો નિહાળશે અને બાદમાં તેમના ક્લાસરૂમમાં તેની ચર્ચા શિક્ષક સાથે કરશે. હવે વિદ્યાર્થીઓ પોતાના ઘરે પોતાના સમયે અભ્યાસ કરી શકશે અને ક્લાસરૂમના કલાકોનો ઉપયોગ બીજી પ્રવૃત્તિમાં કરી શકશે.

છેલ્લા કેટલાંક વર્ષોથી, સંખ્યાબંધ રિસર્ચમાં ટેકનોલોજીના ઉપયોગથી શિક્ષણના લાભો દેખાઈ આવે છે. શિક્ષણમાં ટેકનોલોજીની ભૂમિકા મહત્વપૂર્ણ છે, હવે પ્રશ્ન એ નથી કે ટેકનોલોજી વિદ્યાર્થીની શીખવાની શક્તિમાં વધારો કરે છે કે નહિ, પરંતુ તેના બદલે આપણે કેવી રીતે શિક્ષણ સુધારવા માટે ટેકનોલોજીનો વધારે ઉપયોગ કરીએ છીએ તે મહત્વનું છે.


ટેકનોલોજીએ કેવી રીતે શિક્ષણ સુધાર્યું છે અને નજીકના ભવિષ્યમાં તેને કેવી રીતે હકારાત્મક અસર પહોંચાડી શકે છે તેના વધુ રસ્તાઓ વિશે વિચારવાનું છે.

## સમાનાર્થી શબ્દો

| | |
|---|---|
| અક્કલ | બુદ્ધિ, મતિ, મેધા, પ્રજ્ઞા, ચેતના |
| અખિલ | આખું, બધું, સળંગ, સમસ્ત, સમગ્ર, સકલ |
| અગ્નિ | અનલ, આગ, દેવતા, પાવક, હુતાશન |
| અચાનક | એકાએક, ઓચિંતુ, અણધાર્યું, એકદમ |
| અતિથિ | મહેમાન, પરોણો, અભ્યાગત |
| અતિશય | અતીવ્ર, અત્યંત, અમર્યાદા, અધિક |
| આત્મા | રુહ, રામ, અચલ, પુદ્ગલ |
| અદ્ભુત | અલૌકિક, આશ્ચર્યકારક, અજાયબ, નવાઈભર્યું |
| અનાદર | અવજ્ઞા, તુચ્છકાર, ધિક્કાર, તિરસ્કાર, અવહેલના, પરિભવ, પરાભવ |
| અનુપમ | અનોખું, અદ્વિતીય, અનુપ, અપૂર્વ, અનન્ય, અજોડ, બેનમૂન |
| અપમાન | અનાદર, અવમાનના, અવહેલના, ઉપેક્ષા |
| અમૃત | અમી, પીયૂષ, સુધા |
| અલ્પ | જુદું, છેટું, અલાયદું, દૂર |
| અલંકાર | આભૂષણ, ઘરેણું, દાગિના |
| અવાજ | સાદ, ઘાંટો, રવ, સ્વર, ધ્વનિ |
| અર્વાચીન | અદ્યતન, પ્રવર્તમાન, સાંપ્રત |
| અસ્મિતા | ગૌરવ, પ્રભુતા, ઐશ્વર્ય, વૈભવ |
| અહંકાર | અભિમાન, ગર્વ, ગુમાન, ઘમંડ, દર્પ |
| આકાશ | ગગન, આભ, આભલુ, આસમાન, વ્યોમ, અંબર |
| આશા | અભિલાષા, મનોરથ, લિપ્સા, કાંક્ષા, સ્પહા, કામના, ઈચ્છા |
| આંખ | નેત્ર, નયન, ચક્ષુ, લોચન, દગ ચક્ષ |
| ઈચ્છા | કામના, સ્પૃહા, આકાંક્ષા, એષણા, અભિલાષા, અભીપ્સા |
| ઈનામ | પારિતોષિક, પુરસ્કાર |
| ઈન્દ્ર | ઈન્દ્રસુરપતિ, શચીપતિ, મઘવા, વાસવ |
| ઈશ્વર | પ્રભુ, હરિ, પરમેશ્વર, પરમાત્મા, ઈશ |
| ઉન્નતિ | વિકાસ, ઉત્કર્ષ, ચડતી, ઉત્થાન |
| ઉપકાર | આભાર, અહેસાન, કૃતજ્ઞતા, ઉપકૃતિ, પાડ |
| કપાળ | ભાલ, લલાટ, અલીક |
| કમળ | ઉત્પલ, પદ્મ, નલિન, અરવિંદ, રાજીવ, અંબુજ |
| કામદેવ | દમન, મન્મથ, માર, પ્રદ્યુમન, કંદર્પ, દર્પક |
| કાયમ | શાશ્વત, ધ્રુવ, નિત્ય, રોજ, હંમેશા |
| કાળું | શ્યામ, શ્યામલ, શામળું, કૃષ્ણ, કાજળ |
| કિનારો | કાંઠો, તટ, ચોવારો, આરો, તીર્થ |
| કેસૂડો | ખાપરો, પલાશ, કિંશુક |
| કોયલ | કોકિલા, પિક, પરભૃત, અન્વભૃત |
| ક્રોધ | રોષ, ગુસ્સો, કોપ, અમર્ષ |
| કૌશલ | દક્ષતા, પટુતા, પ્રાવીણ્ય, ચતુરાઈ |
| કુદરત | પ્રકૃતિ, નિસર્ગ, સૃષ્ટિ |
| કુદરતી | પ્રાકૃતિક, સહજ, સ્વાભાવિક |
| કૃપા | દયા, અનુકંપા, કરુણા, અનુગ્રહ, મહેરબાની |
| કૃષ્ણ | કનૈયો, શ્યામ, ગોપાલ, ગિરધર, વાસુદેવ, કેશવ, માધવ |
| ગણપતિ | ગજાનન, લંબોદર, વિનાયક, ગૌરીસુત |
| ગધેડો | ગદર્ભ, ખર, વૈશાખનંદન |
| ગરીબ | દીન, દરિદ્ર, નિર્ધન, કંગાલ, રંક |
| ઘર | ગૃહ, ગેહ, સદન, ભવન, અગાર, મંદિર, નિકેતન, રહેઠાણ |
| ઘોડો | અશ્વ, હય, વાજી, ઘોટક, સૈંધવ, તુરગ, ગાંધર્વ |
| ઘાતકી | નિર્દય, નિષ્ઠુર, ક્રૂર, કઠોર |
| ઘી | ધૃત, હવિ, સર્પિ, આજ્ય |
| ચંદ્ર | ચંદ્રમા, ઈન્દુ, સુધાકર, શશી, મયંક, હિમાંશુ |
| જગત | જગ, દુનિયા, વિશ્વ, લોક, ભુવન, સંસાર |
| જંગલ | અરણ્ય, કાનન, વન, વિપિન, અટવિ |
| જિજ્ઞાસા | કૌતુક, કૂતૂહલ, ઉત્કંઠા, ઇંતેજારી |
| જિંદગી | આયુષ્ય, આયખું, જીવન, જીવતર |
| જેલ | કારાગૃહ, કારાગાર, બંદીવાસ, બંદીઘર |
| ઝરણું | ઝરો, સ્રોત, નિર્જર |
| ઝાડ | વૃક્ષ, દ્રુમ, પાદપ, તરુ, તરુવર |
| ઝૂંપડી | કુટી, કુટિર, પર્ણશાળા, ઉહજ |
| તળાવ | સર, સરોવર, કાસાર, નલિની, તડાગ |
| તલવાર | તેગ, ખડ્ગ, સમશેર, કૃપાણ |
| દર્પણ | અરીસો, મુકુર, કાચ |
| દરિયો | સાગર, સમુદ્ર, રત્નાકર, ઉદધિ, જલધિ |
| દિવસ | દિન, વાસર, અહ, અહર |
| દીવો | દીપ, દીપક, શમા, દીવડો, પ્રદીપ |
| દૈત્ય | દાનવ, દસ્યુ, અસુર, રાક્ષસ, નિશાચર |
| દોરડું | રાશ, રજ્જુ, રસના |
| ધન | દોલત, પૈસો, પૂંજી, નાણુ |
| નદી | સરિત, સરિતા, ધુનિ, આપગા, તરંગિણી, તટિની, નિર્ઝરિણી |
| નમસ્કાર | પ્રણામ, સલામ, નમન, જુહાર, વંદન, અભિવાદન |
| નવું | નવીન, નવલું, નૌતમ, નૂતન, અભિનવ |
| નુકસાન | બગાડ, ગેરફાયદો, ગેરલાભ, હાનિ |
| નોકર | સેવક, ચાકર, દાસ, કિંકર, અનુચર |
| પતિ | નાથ, સ્વામી, ભર્તા, ભરથાર, ઘણી, કંથ, પ્રાણનાથ, વલ્લભ, દયિત |
| પત્ની | વહુ, અર્ધાંગના, ભાર્યા, વધૂ, વલ્લભા, દારા, દેવી |
| પથરો | પથ્થર, પાષાણ, ઉઘલ, શિલા, પ્હાણ |
| પવિત્ર | પાવન, શુચિ, પૂત, પનોતુ |
| પવન | વાયુ, વાત, વા, વાયરો, અનિલ, સમીર, મરુત |
| પર્વત | પહાડ, ડુંગર, ગિરિ, શૈલ, અચલ, ભૂધર |
| પંખી | પક્ષી, વિહગ, વિહંગ, ખગ, અંડજ, દ્વિજ, પંખીડું, પંખરું |
| પંડિત | વિદ્વાન, પ્રજ્ઞ, વિદગ્ધ, ધીમંત, મેધાવી |
| પાણી | જળ, વારિ, નીર, સલિલ, તોય, ચુંબર, ઉદક |
| પાંદડુ | પાન, પર્ણ, પલ્લવ, પત્ર, પૃષ્ઠ, કિસલય |
| પિતા | બાપ, જનક, તાત, જન્મદાતા |
| પુત્ર | દીકરો, તનયા, સુત, તનુજ, સૂનુ |
| પુત્રી | દીકરી, તનયા, સુતા, તનુજા, દુહિતા |
| પૃથ્વી | ભૂ, ભૂમિ, ભોમ, ભોય, જમીન, વિશ્વંભરા, ધરા, ધરિત્રી, અવની |

**(પુરન ગોંડલીયા) વધુ આવતા અંકે**

## ટપકાં જોડી કલર પૂરો



## ઉખાણાં

**પોલું લાકડું પલક્યું,**
**ને આખુ ગામ જોવા હલક્યું**

○ ઢોલ ○ બોલ ○ ગોલ ○ મોલ

**એક જળકૂકડી એવી,**
**જે ડબક ડૂબકી મારે,**
**પચાસ માઈલ પાણીમાં ચાલી,**
**તોપના ગોળા ખાળે**

○ માછલી ○ સબમરીન ○ હોડી ○ સ્ટીમર

**છાપરે છાપરે મગ વેચાય:**
**ગોળ જોઈને ચોંટી જાય**

○ કીડી ○ મંકોડો ○ મચ્છર ○ માખી

**દેશ ફરે, દેશાવર ફરે,**
**રાજારાણી વાતો કરે**

○ કાગળ ○ વિમાન ○ પાંદડું ○ ફૂલ


**ઝડપવાળો જમાદાર,**
**સવારી માટે પૂરો,**
**રથ-ગાડીમાં ઉપયોગી,**
**લડાઈ માંહે શૂરો**

○ ગધેડું ○ ઘોડો ○ ઊંટ ○ જિરાફ

**ઉપરથી ખાઓ અને નીચેથી ફેંકી દો**

○ કેળું ○ ખજૂર ○ દાડમ ○ ટામેટું

## સરવાળા કરો અને આપેલા કલર જવાબના ખાનામાં પૂરો




red ▶ 6
dark blue ▶ 8,9,11
gray ▶ 10,12,15
dark green ▶ 7,13,18
purple ▶ 4,5
brown ▶ 3,14

## બાળ વાર્તા

# વિશ્વાસુ વ્યક્તિ પર અવિશ્વાસ કરતા પહેલાં

એક સમયની વાત છે. એક રાજ્યનો એક રાજા હતો. તેની પાસે એક સુંદર પોપટ હતો. તે પોપટ ખૂબજ ચતુર અને બુદ્ધિમાન હતો. આ કારણથી જ રાજા ઘણો ખુશ રહેતો હતો. એક દિવસ પોપટે રાજાને વિનંતી કરી કે તેને તેનાં માતાપિતાને મળવા જવું છે.


રાજાએ પોપટની વાત માની લીધી અને તેને કહ્યું કે સારૂ, પરંતુ તારે પાંચ દિવસની અંદર પાછું ફરવું પડશે. તે પોપટ તો ખુશી-ખુશી જંગલ તરફ ઉડી ગયો અને પોતાનાં માતાપિતાને મળીને ઘણો જ ખુશ થયો. હવે પાંચ દિવસ વિતી ચૂક્યાં હતાં. હવે તેણે રાજા પાસે પરત ફરવાનું હતું. રસ્તામાં પાછા ફરતી વખતે તેણે વિચાર્યું કે ચાલને, રાજા માટે કોઈક સુંદર ઉપહાર લઈ લઉં.

પોપટને રસ્તામાં અમૃતનાં ફળોનું એક ઝાડ દેખાયું. તેણે વિચાર્યું કે રાજા માટે આ વૃક્ષથી અમૃતનું ફળ તોડી લઉં છું. આ ફળ ખાવાથી રાજા હંમેશા જુવાન રહેશે અને તેઓ ક્યારેય નહીં મરે. આ ઝાડ એક ઉંચા પર્વત પર હતું. પોપટ પર્વત પર પહોંચ્યો અને ફળ તોડી લીધું. પરંતુ આટલુ ઉંચું ઉડતા ઉડતા તે થાકી ચૂક્યો હતો. તેણે વિચાર્યું કે રાતે આ ઝાડ નીચે જ આરામ કરી લઉં અને સવાર થતાં જ ઉડીને રાજા પાસે પહોંચી જઈશ.

જ્યારે પોપટ રાત્રે સૂઈ રહ્યો હતો ત્યારે એક ઝેરી સાપે ફળ ખાવાનું શરૂ કરી દીધું. આ કારણે તે ફળ ઝેરી થઈ ગયું. પોપટ આગલા દિવસે મહેલ પહોંચ્યો. અને રાજાને ફળ ખાવા આપ્યું. ત્યારે જ પ્રધાને કહ્યું. 'મહારાજ, આ ફળ કૂતરાને પહેલા ખવડાવો.' રાજાએ ફળનો એક ટુકડો કૂતરાને ખવડાવ્યો. કૂતરાએ જેવું ફળ ખાધું તે તરફડી તરફડીને મરી ગયો. રાજાને ઘણો ક્રોધ આવ્યો. તેણે તલવાર સહિત પોપટનું માથું ધડથી અલગ કરી નાખ્યું. રાજાએ તે ફળ બહાર ફેંકી દીધું. કેટલાક સમય પછી તે જગ્યાએ એક વૃક્ષ ઉગી ગયું.

રાજાએ સમગ્ર રાજ્યમાં ઢંઢેરો (પહેલાં ઢોલ વગાડીને રાજાની જાહેરાત લોકો સુધી પહોંચાડતા જેને ઢંઢેરો કહેવામાં આવે છે.) પીટાવ્યો કે કોઈ પણ વ્યક્તિ આ ઝાડનું ફળ ન ખાય કારણકે રાજાને લાગતું હતું કે આ અમૃત ફળ ઝેરી છે અને પોપટે તેને તે ખવડાવીને મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. એક દિવસ એક વૃદ્ધ માણસ તે ઝાડ નીચે વિશ્રામ કરી રહ્યો હતો. તેને આ ઝાડની વાત ખબર નહોતી અને તેણે ભૂખના કારણે એક ફળ ખાઈ લીધું. આ ઝાડ પર ઉગેલુ ફળ ઝેરી નહીં, પરંતુ અમૃત ફળ હતું. તેથી ફળ ખાતાં જ તે વૃદ્ધ જવાન થઈ ગયો. જ્યારે આ વાત રાજાને કાને પડી ત્યારે તેને ઘણો જ પસ્તાવો થયો કે તેણે એક નિર્દોષને સજા આપી દીધી.

આ વાર્તામાંથી આપણને એ બોધ મળે છે કે આપણા વિશ્વાસુ વ્યક્તિ પર અવિશ્વાસ પહેલાં સો વાર તપાસી લેવું જોઈએ કે તેની ભૂલ છે કે નહીં. કોઈની ઉશ્કેરણીમા આવીને તમે તમારો વિશ્વાસુ વ્યક્તિ ગુમાવી શકો છો.



## હસો અને હસાવો

**પોલીસ?**

રાતના બાર વાગ્યે એકલા જતા માણસને પોલીસે પકડીને કહ્યું 'ચાલ પોલીસ સ્ટેશન'

**માણસ:** "પણ મે શું કર્યુ છે?"

**પોલીસ:** "કશું નહીં પણ મને એકલા જતા બીક લાગે છે."

**ડૉક્ટર:** 'હવે ખાંસી કેમ છે?'

**દર્દી:** 'એ તો બંધ થઈ ગઈ, પરંતુ શ્વાસ હજી રોકાઈ રોકાઈને આવે છે.'

**ડૉક્ટર:** 'ચિંતા ન કરો એ પણ બંધ થઈ જશે!'

**ટીચર**


"જેને બંને હાથ ન હોય તેને હિન્દી અને અંગ્રેજીમાં શું કહેવાય?"

**મોન્ટુ:** "હિન્દીમાં ઠાકુર અને અંગ્રેજીમાં હેન્ડ્સ ફ્રી"


## એક સરખા બે ચિત્રોમાં સાત તફાવત છે તે શોધો




## રસ્તો શોધવામાં મદદ કરો




## ટપકાં જોડો અને રંગ પૂરો



## ચાલો, હરણ દોરતા શીખીએ




## યોગ્ય ગણતરી કરો




## ચિત્રો ગણી અને યોગ્ય જવાબ પર ગોળ કરો



# આ પૉપ અપ ગબેરા ડેઇઝી બનાવો

## કડક પેપર જેમ કે ઇન્ડેક્સ પેપર કે ૮૦ કવર કે જે પેપર કે ઑફિસ સપ્લાય સ્ટોર પર પ્રાપ્ત હોય છે તેના પર શીટ A અને B પ્રિન્ટ કરો






**સ્ટેપ ૧:** શીટ એ માંથી બંને પોપ અપ પીસને સામાન્ય કટ આઉટ કરી લો.



**સ્ટેપ ૨:** સોલિડ પ્રિન્ટેડ લાઇન પર પીસને કાળજીપૂર્વક કટ આઉટ કરો.
**સલાહ:** ખૂણા આસપાસ નહીં, તેની અંદર કટ કરો. તેનાથી કામ સરળ થશે.



**સ્ટેપ ૩ :** ધ્યાન રાખો કે તમે ગ્લુ ટેબની વચ્ચે અને આસપાસ કાપો.




**સ્ટેપ ૪ :** પાદંડીના ભાગને વાટકાનાં આકારમાં વાળીને તેને ઢીલો કરી નાખો. ગ્લુ ટેબને પાછળ વાળો.



**સ્ટેપ ૫ :** ફૂલના મધ્યમાં તે અધ વચ્ચેથી વળી શકે તે માટે ઘડીની લાઇન પર બે છેડે નાના કાપા મૂકો.




**સ્ટેપ ૬ :** ફૂલના મધ્યના ભાગ પર થોડો ગુંદર લગાડો.




**સ્ટેપ ૭ :** તસવીરમાં દર્શાવ્યા પ્રમાણે પાંદડીના ભાગની અંદર ગુંદર લગાડો.




**સ્ટેપ ૮ :** મધ્યના ભાગને વચ્ચેથી વાળો અને ગ્લુ ટેબને પાછળ વાળો. ટેબ પર થોડો ગુંદર લગાડો અને ટેબને ઢાંકવા પાંદડીવાળા ભાગને રાખો.



**સ્ટેપ ૯ :** ગુંદર લગાડવા પકડી રાખો.



**સ્ટેપ ૧૦ :** તસવીરમાં બતાવ્યા પ્રમાણે પાંદડીનાં ભાગનાં ટેબને હુક કરો.



**સ્ટેપ ૧૧:** પાંદડીવાળા એક ગ્લુ ટેબમાં થોડો ગુંદર લગાડો અને તેને પૃષ્ઠભૂમિ સામે રાખો.



**સ્ટેપ ૧૨:** બીજા ગુંદરવાળા ટેબને પાછળ વાળો અને તેના પર થોડો ગુંદર લગાડો. હવે પાછળના ભાગ (પૃષ્ઠભૂમિ)ના બીજા અડધા ભાગને ગ્લુ ટેબના ઉપરના ભાગ તરફ વાળો અને ગુંદર લાગી જાય ત્યાં સુધી તેના પર એક પુસ્તક મૂકી દો.

# વોટર કલર ફ્લાવર

તમે એવી કળા શોધો છો. જેમાં તમારા બાળકની સર્જનાત્મક વૃત્તિના બધા ભાગ બહાર આવે? આ પ્રોજેક્ટમાં, ફૂલની આઠ પાંદડીઓને અલગ-અલગ ટેકિનક, રંગો અને ઢબોને વાપરીને વોટર કલર પેઇન્ટથી રંગવામાં આવી છે. ફૂલના મધ્યભાગને અલગ-અલગ ગુચ્છાથી ભરવામાં આવી છે. આનાથી ફૂલ ટેક્સ્ચરવાળું છાપ ઉપજાવનારું લાગે છે. તો વોટર કલરથી રંગો કરવા એ બાળકને મજા અપાવનારુ કામ બની રહેશે.



**તમારે શેની જરૂર છે.**

- વોટર કલર પેપર
- વોટર કલર પેઇન્ટ
- પેઇન્ટબ્રશ
- પેપર ટોવેલ
- કાતર
- ગુંદર
- વિવિધ રંગના ગુચ્છાઓ
- પેન્સિલ

**તમારે શુ કરવાનું છે?**

૧. તમારા બાળક પાસે વોટર કલર પેપર પર મોટું પાંદડીવાળું ફૂલ દોરાવડાવો.
૨. હવે પાંદડીને કાપો અને સાત વાર તે જ વોટર કલર પેપર પર રેખાકિંત કરો જેથી તમારી પાસે કુલ આઠ પાંદડીનાં આકાર હોય.
૩. ચાર પાંદડીઓ પર થોડું પાણી નાખો અને બે ભીની પાંદડીને પેપર ટોવેલથી સૂકવી નાખો.
૪. વોટર કલર પેઇન્ટથી તમામ પાંદડીઓને રંગો. દરેક પાંદડીને અલગ-અલગ રંગથી રંગી નાખો.
૫. તમારા બાળકને અલગ પેટર્નથી શણગારવા પ્રેરો. ટપકાં, કોણીયા પટ્ટી, ત્રિકોણ, ચોરસ અને અનિયમિત વળાંક વગેરે ડિઝાઇન કરો. પછી પાંદડીઓને સંપૂર્ણપણે સૂકાઇ જવા દો.
૬. ચાર અલગ-અલગ રંગો વાપરો. બાકીની પાંદડીઓને રંગો. તમે તમારા રંગો પર કેટલો કાબૂ ધરાવો છો તે જુઓ. દરેક પાંદડીએ એક નવી પેટર્ન બનાવો. આ પાંદડીઓને સૂકાઇ જવા દો.
૭. વોટર કલર પેપર પર મોટું વર્તુળ દોરો જે છ ઇંચ પહોળું હોય. તેને કટ આઉટ કરો જેથી તમારા ફૂલનો તે આધાર બને.
૮. તમામ પાંદડીને કટ આઉટ કરો અને તેને વર્તુળના આધાર પર મૂકો. જેથી તેઓ સ્પર્શે અને સરખી રીતે જગ્યા ધરાવતી હોય.
૯. વર્તુળ પર તેમને ગુંદર લગાડી દો અને સૂકાઇ જવા દો.
૧૦. તમારા બાળકને ગુચ્છાને સફેદ ગુંદરમાં ડૂબાડો અને ફૂલના મધ્યમાં મૂકો. તેને જ્યાં સુધી એમ ન લાગે કે હવે કામ પૂરું થયું છે ત્યાં સુધી તેને અનેક રંગોથી રંગવા દો.

# જૂના મેગેઝિનમાંથી સ્ટૂલ બનાવો

**સામગ્રીઓ :**
જુના સામાયિકો
જુના ચામડાનાં પટ્ટાઓ
(૨)
મેગેઝિનના કદનું નાના સ્ટૂલનો લાકડાનો આધાર
સામયિકના કદનું ઓશિકુ

**પદ્ધતિ..**

- તમામ સામાયિકોને સ્ટૂલ લાકડાના આધાર પર મૂકો. તેમને વ્યવસ્થિત ગોઠવો. હવે સામયિકોની સૌથી ઉપર ઓશિકુ મૂકો.
- પટ્ટા લો અને જુઓ કે પૂરતું ચુસ્ત બાંધવા માટે તેમાં પૂરતાં કાણાં છે કે નહીં.
- દ્રવે ઓશિકા પરથી સામયિકો પર બંને બાજુઓથી પટ્ટા બાંધો. તેમાં સ્ટૂલ લાકડાનો આધાર પણ આવી જવો જોઇએ.
- બસ, તૈયાર થઇ ગયું તમારૂ સ્ટૂલ..



## સ્ટેટ રોલર સ્કેટિંગ ચેમ્પિયનમાં વેદાંતને ત્રણ ગોલ્ડ મળ્યા



૩૮ ગુજરાત સ્ટેટ રોલર સ્કેટીંગ ચેમ્પિયનશીપમાં નિર્માણ સ્કૂલના વિદ્યાર્થી વેદાંત રાવલે ત્રણ ગોલ્ડ અને ચેમ્પિયન ટ્રોફી જીતી હતી. સ્કેટીંગમાં ૨૦૦૦મી., ૫૦૦મી. રોડ રેસ અને ૫૦૦ મી. રીંગ રેસ સ્પર્ધામાં ત્રણ ગોલ્ડ મેળવ્યા હતાં. આ ઉપરાંત ઓવરઓલ ટ્રોફી મેળવી હતી. હવે વિશાખાપટનમ ખાતે યોજાનારી નેશનલ સ્પર્ધામાં ભાગ લેશે.

## પ્રશાંત વિદ્યાલયના ખેલાડીઓને કરાટેમાં ૫ ગોલ્ડ સહિત ૧૨ મેડલ



સિટીની ધર્માલય ખાતે યોજાયેલી સ્ટેટ લેવલ કરાટે ટુર્નામેન્ટમાં સિટીના પ્રશાંત વિદ્યાલયના ખેલાડીઓએ ૫ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે. આ ટુર્નામેન્ટમાં શાળાના કરણ ચોધરી, દર્શ સોની, નિસર્ગ પારેખ, નીલ પટેલ અને દિવ્યરાજ સિંહ ચાવડાએ ગોલ્ડ મેડલ મેળવ્યો, જ્યારે શિવાની કાકરેચા અને વીચ શાહે સિલ્વર મેડલ મેળવ્યો છે. આ ઉપરાંત હેત પટેલ પાર્થ ચૌડા, સાનવી શાહ, નૈશલ રાજપુત અને ધૈર્ય કાકરેચાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે.

# પ્રિમિયર સ્કૂલ ટેનિસ લીગમાં નિરમા વિદ્યા વિહારનો વ્યોમ શાહ ચેમ્પિયન



સિટીના ટ્રાન્સસ્ટેડિયા ખાતે યાજાયેલી પ્રીમિયર સ્કૂલ ટેનિસ લીગમાં નિરમા વિદ્યા વિહારનો વ્યોમ શાહ ચેમ્પિયન બન્યો, જ્યારે ઝેબ્રા સ્કૂલ ફોર ચિલ્ડ્રનનો પ્રથમ કોટક રનર્સ અપ બન્યો છે. આ ટુનામેન્ટમાં નેલ્સન ઇન્ટરનેશનલ સ્કૂલનો નીલ મોદી ત્રીજા ક્રમે આવ્યો છે. અન્ડર ૧૨ની સ્કૂલ લીગની ફાઇનલમાં વ્યોમ શાહે પ્રથમ કોટકને ૪-૨, ૪-૧, ૪-૧થી હરાવીને ચેમ્પિયન બન્યો, જ્યારે પ્રથમ કોટક બીજા ક્રમે આવી રનર્સ અપ બન્યો હતો. ત્રીજા ક્રમ માટેની સ્પર્ધા નેલ્સન ઇન્ટરનેશનલ સ્કૂલનો નીલ મોદીએ ૯-૧થી હેતાર્થ સોમાપુરાને હરાવ્યો હતો. ટુર્નામેન્ટની સેમિફાઇનલમાં વ્યોમ શાહે ૯-૨થી નીલ મોદીને હરાવ્યો હતો. બીજી સેમિફાઇનલમાં પ્રથમ કોટકે હેતાર્થ સોમાપુરાને ૯-૩થી હરાવી વિજેતા બન્યો હતો. ક્વાટર ફાઇનલમાં વ્યોમ શાહે દ્વિધાન ઓસ્તવાલને ૮-૧થી હરાવ્યો, નીલ મોદીએ ૭-૭ની ટાઇબ્રેક બાદ ૭-૩થી પ્રીત વર્માને હરાવ્યો હતો.

## માનુષે ચેસમાં ઈન્ટરનેશનલ માસ્ટર્સનો પહેલો નોર્મ મેળવ્યો



સિટીના ચેસ પ્લેયર માનુષ શાહે ઇન્ટરનેશનલ માસ્ટર્સનો પહેલો નોર્મ મેળવ્યો છે. હાલમાં સર્બીયા ખાતે યોજાયેલી ગ્રાન્ડ માસ્ટર રાઉન્ડ રોબીન ટુર્નામેન્ટમાં માનુષે ૫.૫ પોઇન્ટ મેળવીને ૩જી પોજીશન મેળવી હતી. આ ટુર્નામેન્ટમાં ત્રીજા ક્રમે આવતાં તેણે ઇન્ટરનેશનલ માસ્ટરનો પહેલો નોર્મ મેળવ્યો હતો. તેનું હાલનું ફીડે રેટિંગ ૨૩૭૯ છે.

## રોયલ ઈગલ સ્પૉર્ટ્સ એકેડેમીને બોક્સિંગમાં ૧ ગોલ્ડ અને ૩ સિલ્વર

હાલમાં સિટીની નિકોલ સ્પોર્ટ્સ હોસ્ટેલ ખાતે યોજાયેલી ખેલમહાકુંભની બોક્સિંગ સ્પર્ધામાં સિટીની રોયલ ઇગલ સ્પોર્ટ્સ એકેડેમીના બોક્સરે એક ગોલ્ડ અને ત્રણ સિલ્વર મેડલ મેળવ્યા છે. કોચ વિક્મ સિંઘ રાઠોરના માર્ગદર્શન હેઠળ એકેડેમીના સાહિબ બોરડે અન્ડર ૧૪ની કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. ઓપન કેટેગરીમાં રાહુલ રાજપુત અને રોહિત માળીને સિલ્વર મેડલ મેળવ્યો છે.

## વક્તૃત્વ સ્પર્ધામાં વિજેતા



સરદાર વલ્લભભાઇ પટેલ મેમોરિયલ સોસા., શાહીબાગ દ્વારા સરદાર પટેલની ૬૮મી પુણ્યતિથિ નિમિત્તે યાજેયલી વક્તૃત્વ સ્પર્ધામાં રામેસ્વર સ્કૂલ નિકોલની ધો. ૯ની વિદ્યાર્થીની રોહડિયા કોમલ નાગરદાનને દ્વિતીય ઇનામ રૂા. ૧૫૦૦ મળેલ છે. આ ઉપરાત શિક્ષક કેટેગરીમાં આ જ સંસ્થાના શિક્ષક નિલાંજશા બી. દવેને પ્રથમ ઇનામ રૂા. ૨૦૦૦ મળેલ છે. શાળાના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ શાળાને ગૌરવ અપાવનાર વિદ્યાર્થીની અને શિક્ષકને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

## ઈશિતા ધામેલિયા અને વિશાખા ધામેલિયા નેશનલ જિમ્નાસ્ટિક કોમ્પિટિશનમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે



સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઇન્ડિયા આયોજિત ૬૪મી નેશનલ સ્કૂલ ગેમ ત્રિપુરા રાજ્યના અગરતલા મુકામે યોજાશે. આ કોમ્પિટિશનમાં ગુજરાત રાજ્યના ખેલાડીઓમાં યુ-૧૪માં ઇશિતા ધામેલિયા રાજેશકુમારની પસંદગી થઇ છે. ઇશિતા પી.પી. સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલ-અબ્રામામા આઠમા ધોરણમાં અભ્યાસ કરે છે. તેણી રાજ્ય કક્ષાએ બે ગોલ્ડ, ચાર સિલ્વર અને સાત બ્રોંઝ મેડલ મેળવી ચૂકી છે અને ચાર નેશનલ કોમ્પિટિશન રમી છે.

ધામેલિયા વિશાખા રાજેશકુમાર કૌશલ વિદ્યાભવનમાં અગિયારમાં ધોરણમાં અભ્યાસ કરે છે. તેણી યુ-૧૭માં પસંદગી પામી છે. વિશાખા આજ સુધીમાં ૧૩ નેશનલ કોમ્પિટિશન રમી ચૂકી છે. વિશાખાએ રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાના ગોલ્ડ, સિલ્વર અને બ્રોંઝ મળીને કુલ ૬૭ મેડલ મેળવ્યા છે.

# IMCTF દ્વારા સંસ્કાર સંવાદમાં વિદ્યાર્થીઓ ઉમટી પડ્યા













આપણી પેઢી અત્યારે એક સંક્રમણના કાળમાંથી પસાર થઈ રહી છે. આપણે ઘણા બધા પડકારોનો સામનો કરી રહ્યા છીએ અને તેના ઉકેલો પણ શોધી રહ્યા છીએ. સમગ્ર વિશ્વમાં આજે નાગરિકો ત્રાસવાદ અને વૈશ્વિક સ્તરે વધતી ગરમી-આબોહવામાં ફેરફારનો સામનો કરી રહ્યા છે.

આજની શિક્ષણ પ્રણાલિ આ પડકારોનો સામનો કરવા પૂરતી સજ્જ નથી. પ્રશ્ન એ છે કે શું ખૂટે છે? બાળકને કુદરતી અને નૈતિક મૂલ્યો માટે સંવેદનશીલ અને જવાબદાર બનાવવાની પરંપરાગત રીત પરિવાર દ્વારા અપાતું શિક્ષણ છે. પરંતુ આજે પરિવારો જ તૂટી રહ્યા છે ત્યારે આ પડકાર વધુ વિકરાળ બન્યો છે. ભારત નૈતિકતાની દૃષ્ટિએ વિશ્વનું નેતૃત્વ કરી શકે તેમ છે, પરંતુ તે માટે આપણે ભારતીયોએ કમર કસવી પડશે.

ઉપરોક્ત બે મોટી સમસ્યાઓનો ઉકેલ સંસ્કાર સિંચનમાં રહેલો છે. ભાઈચારાનાં મૂલ્યો, દરેક સજીવ માટે સન્માન અને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલતામાં છે. ઇનિશિએટિવ ફૉર મૉરલ એન્ડ કલ્ચરલ ટ્રેનિંગ ફાઉન્ડેશન (IMCTF) આ પ્રશ્નોનો હલ છ વિષયવસ્તુ (થીમ) દ્વારા લાવવા પ્રયાસરત છે. તેમાં પર્યાવરણ પ્રત્યે નિસબત અને તેને આજની તેમજ ભાવિ પેઢી માટે કેવી રીતે જાળવવી તેનો સમાવેશ થાય છે. રાષ્ટ્રવાદ, માનવીય મૂલ્યો અને મહિલાઓ માટે સન્માન પણ સંસ્કારો દ્વારા ઉકેલી શકાય છે. વર્તમાન સમયની તાતી જરૂરિયાત છે કે તમામ શૈક્ષણિક સંસ્થાઓ તેને સ્વીકારે અને આવી જ પ્રવૃત્તિઓમાં IMCTF સાથે જોડાય.

આ હેતુ માટે, IMCTF અને AoPS એ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓમાં સદ્‌ગુણો વિકસાવવા અને રોજબરોજની જિંદગીમાં આ શાશ્વત ગુણોને પાછા લાવવા માટે તેમના અચેતન મનને સક્રિય કરવા પ્રતીકવાદના આધારે એક મુદ્દા આધારિત અને વ્યવહારુ "સંસ્કાર સંવાદ" કાર્યક્રમ ઘડી કાઢ્યો છે. IMCTFના કાર્યક્રમો પ્રાચીન ભારતીય આધ્યાત્મિક જ્ઞાન અને મૂલ્યો પરથી પ્રેરિત છે, જે વન સંરક્ષણ અને વન્ય જીવનની સુરક્ષા, પરિસ્થિતિકીયવિજ્ઞાનની જાળવણી, પર્યાવરણની જાળવણી, માનવીય અને પરિવારિક મૂલ્યોને હૃદયંગમ કરવા, મહિલાઓનાં સન્માનને પ્રોત્સાહન આપવું અને દેશભક્તિને જગાવવી વગેરેનો વારસો ધરાવે છે. સમગ્રતયા તેમાં કુદરત- નદીઓ, પર્વતો, વૃક્ષો, જંગલો, પ્રાણીઓનો દિવ્ય સ્વરૂપ તરીકે સમાવેશ થાય છે અને તે માતાપિતા, શિક્ષક, કન્યાઓ, મહિલાઓ, અરે! અતિથિને પણ દેવી-દેવતા માને છે. આ મહાન પરંપરા IMCTF ના કાર્યક્રમોનો બૌદ્ધિક અને નૈતિક સ્રોત છે.

અમદાવાદની ભાગવત વિદ્યાપીઠ, સોલા ખાતે આ અંગે જ એક બે દિવસનો કાર્યક્રમ પૂજ્ય શ્રી ભાગવત ઋષિ શાસ્ત્રીના આધ્યાત્મિક માર્ગદર્શન હેઠળ યોજાઈ ગયો. ૧૧ શાળાનાં ૨૦૦ વિદ્યાર્થીઓએ તેમનાં માતાપિતા અને શિક્ષકો સાથે તેમાં ભાગ લીધો. ત્રિપદા ડે સ્કૂલ, શ્રી રામ વિદ્યાલય, એશિયા ઇંગ્લિશ સ્કૂલ, ત્રિપદા ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ છ થીમ પર સ્કિટની રજૂઆત કરી. તે રજૂઆત એટલી સુંદર હતી કે દર્શકો વિદ્યાર્થીઓના પ્રદર્શનને મંત્રમુગ્ધ થઈને નિહાળતા જ રહ્યા.

AoPS ના પ્રમુખ શ્રી મનન ચોકસી પણ ઉદ્દઘાટન સત્રમાં હાજર હતા. તેમણે આપણી મૂલ્ય આધારિત શિક્ષણ પ્રણાલિ અંગે માહિતીના અભાવના કારણે વિદ્યાર્થીઓના જીવનમાં આવતી મુશ્કેલીઓ વિશે વાત કરી. IMCTFના રાષ્ટ્રીય મહામંત્રી માનનીય શ્રી ગુણવંતસિંહજી પણ શોભામાં અભિવૃદ્ધિ કરવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓના જીવનમાં મૂલ્ય નિર્માણના મહત્ત્વ વિશે વાત કરી. પૂજ્ય શ્રી ભાગવત ઋષિ શાસ્ત્રીજી તમામ છ થીમ પર બોલ્યા. તેમણે વિદ્યાર્થીઓ સાથે દરેક થીમમાં સંકળાવવા માટે પ્રોત્સાહક વાતચીત કરી. આ છ થીમો આપણા જીવનમાં વર્તમાન સંદર્ભમાં કેવી રીતે પ્રાસંગિક છે તે પણ તેમણે સરળ અને સુંદર રીતે સમજાવ્યું.

આ બે દિવસીય કાર્યક્રમ અલગ-અલગ શાળાઓના તમામ સહભાગી વિદ્યાર્થીઓ માટે ઉત્તમ શિક્ષણ અનુભવ બની રહ્યો. આવનારા દિવસોમાં હજુ પણ આવા કાર્યક્રમોની શ્રૃંખલા બીજી શાળાઓમાં હવે યોજવામાં આવશે. મૂલ્ય નિર્માણના દૃષ્ટિબિંદુને ફેલાવવા અલગ-અલગ શાળાઓમાં IMCTF ની ટુકડી બનાવાશે.

# સ્વયંશિસ્તથી અભ્યાસમાં સફળતા

**રોજ એક જ નિર્ધારિત સૂવાનો સમય પણ અગત્યનો છે જેથી તેમને ગાઢ નિદ્રા મળી રહે. બાળકની દિનચર્યાને સરળ રાખો જેથી બાળકોને તેમની પોતાની રીતે દરેક પગલાનો અમલ કઇ રીતે કરવો તે શીખવા માટે તેમને પૂરતો અભ્યાસ મળી રહે.**

**બાળક તેની માતા કે પિતાના ફોન સાથે બેકાળજીથી રમતું હોય તો તેને તેમાં ગેમ રમવાનું બંધ કરાવી દો. યાદ રાખો કે બાળકને તેના વર્તનનાં સંભવિત પરિણામોની તપાસ કરીને પોતાની રીતે તંદુરસ્ત નિર્ણયો કઇ રીતે કરવા તે શીખવવાની જરૂર છે.**



હિરેન જોશી
ડિરેક્ટર,
ત્રિપદા ગુરૂકુલમ્ કેમ્પસ,
વિરમગામ

દરેક માતાપિતાનું સપનું હોય છે કે તેનું બાળક અભ્યાસમાં ઝળહળતો દેખાવ કરે. પરંતુ બધાનું સપનું પૂરું નથી થતું હોતું. જો તમે ઇચ્છતા હો કે તમારું બાળક અભ્યાસમાં પ્રવીણ થાય તો તમારે તેને સ્વયંશિસ્ત માટે પ્રોત્સાહિત કરવો જોઇએ. સ્વયંશિસ્ત માત્ર ભણતર સાથે જ સંકળાયેલી નથી પરંતુ તેની સાથે શાળામાં સારું વર્તન સંકળાયેલું છે. સ્વાભાવિક રીતે તેનાથી ખરાબ વર્તન આપોઆપ ટળે છે. દરેક માતાપિતા તેના બાળક પર શિસ્ત લાદતા હોય છે. પરંતુ છેવટે તો એ ધ્યેય હોવું જોઇએ કે બાળકમાં આપોઆપ શિસ્ત આવે. જ્યારે તમે ન હો ત્યારે પણ તે સાચા નિર્ણયો કરી શકે.

## સ્વયંશિસ્ત શું છે?

સ્વયંશિસ્તની ઘણી વાર ચર્ચા થાય છે. પરંતુ ખરેખર તે છે શું? જ્યારે આપણે 'સ્વયંશિસ્ત'ની વાત કરીએ છીએ ત્યારે આપણે ખરેખર તો અલગ-અલગ વ્યક્તિત્વનાં પરિબળોની વાત કરી રહ્યા હોઇએ છીએ. સ્વયંશિસ્તનું એક તત્વ છે. મન પર કાબુ અથવા બીજા શબ્દોમાં કહીએ તો ઓછી સ્વચ્છંદતા ઓછા મનમોજી બાળકો પોતાના વારા માટે રાહ જોઇ શકે છે. બીજા વાત કરતા હોય તો શાંતિથી સાંભળી શકે છે અને જ્યારે જરૂર હોય ત્યારે પોતાની જગ્યાએ સ્થિર અને શાંત બેસી શકે છે. સ્વયંશિસ્તમાં પોતાના વિચારો, લાગણીઓ અને ક્રિયાઓ પર કાબુનો પણ સમાવેશ થાય છે. છેવટે પોતાના ઇનામને મોકૂફ રાખવાની ક્ષમતા પણ સ્વયંશિસ્તમાં આવે છે. આને સરળ રીતે સમજાવીએ તો બાળક આગળ જતાં મોટું ધ્યેય કે ઇનામ મેળવવાનું છે પરંતુ તે જો વચ્ચે જ કોઇ નાના પ્રલોભન કે નાના ઇનામને વશ થઇ જાય તો તે સ્વયંશિસ્ત નથી.

## સ્વયંશિસ્ત અને અભ્યાસ

અલગ-અલગ માનસશાસ્ત્રી અભ્યાસોએ દર્શાવ્યું છે કે સ્વયંશિસ્ત એ અભ્યાસમાં સફળતાની ચાવી છે. દા.ત. અમેરિકામાં આઠમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓના એક અભ્યાસમાં જણાયું કે સ્વયંશિસ્ત ફાઇનલ ગ્રેડ, ટેસ્ટ સ્કોર અને સારી હાઇસ્કૂલને પસંદ કરવા સાથે મજબૂત રીતે જોડાયેલી હોય છે. ખૂબ જ સ્વયંશિસ્ત ધરાવતા બાળકો શાળાનાં સંદર્ભમાં અલગ રીતે વર્તન કરે છે. ખાસ તો, તેઓ ઓછા ગેરહાજર રહે છે. વધુ કલાક હોમવર્ક કરે છે. ટેલિવિઝન ઓછો સમય જુએ છે. જે બાળકો ઓછા સ્વયંશિસ્તવાળા હોય તેમની સરખામણીમાં વહેલુ હોમ વર્ક શરૂ કરી દે છે. આ બધામાં રસપ્રદ વાત એ છે કે વૈજ્ઞાનિકોને જણાયું કે દરેક પરિણામની આગાહી કરવામાં સ્વયંશિસ્ત એ આઇ ક્યૂ કરતા વધુ મહત્વનું પરિબળ છે.

## સ્વયંશિસ્ત અને સમસ્યાભર્યું વર્તન

સ્વયંશિસ્ત માત્ર અભ્યાસની સફળતા સાથે જ નથી જોડાયેલી, તેનાથી બાળક સમસ્યા ભર્યું વર્તન ઓછું કરે છે. આવા વર્તનથી શાળામાં તેનું પ્રદર્શન બગડે છે. માનસશાસ્ત્રીઓના એક જૂથે અમેરિકન મિડલ સ્કૂલના વિદ્યાર્થીઓમાં ઇનામને મોકૂફ રાખવા અંગે એક કસોટી કરી. તેમણે તેમને પૂછ્યું કે તેમને પાંચ ડોલર તાત્કાલિક જોઇએ છે કે સાત ડોલર એક સપ્તાહ પછી. જેમણે સાત ડોલરનું ઇનામ પસંદ કર્યું તેમણે પાંચ ડોલર પસંદ કરનારા તેમના સાથીઓ કરતાં વધુ ગ્રેડ તો મેળવ્યા જ સાથે જ તેમનામાં એવી ઓછી સંભાવના હતી કે તેઓ ધુમ્રપાન કરે, દારૂ પીવે કે અપરાધ તરફ વળે. રસપ્રદ વાત એ છે કે સંશોધકોને જણાયું કે ઇનામ માટે રાહ જોવાની ક્ષમતા વધુ આત્મવિશ્વાસ સાથે જોડાયેલી છે. બીજા શબ્દોમાં સ્વયંશિસ્ત અનેક એવાં પરિબળો સાથે જોડાયેલી છે જે શાળાની સફળતામાં ચાવીરૂપ હોય.

## શાળા બાદ સ્વયંશિસ્ત

સ્વયંશિસ્ત માત્ર શાળામાં જ ઉપયોગી નથી. પરંતુ શાળા પછીનાં વર્ષોમાં અભ્યાસ અને કારકિર્દીની સફળતા માટે પણ અગત્યની છે. ઉચ્ચ સ્વયંશિસ્તવાળા બાળકોને ઓછી સ્વયંશિસ્તવાળા તેમના સાથીઓ કરતાં વધુ સારી કોલેજોમાં પ્રવેશ મળે અને વધુ સારી નોકરીઓ મળે તેવી સંભાવના હોય છે, પછી ભલેને બંને પ્રકારનાં બાળકો બુદ્ધિમતામાં સરખેસરખાં હોય.

## બાળકોને સ્વયંશિસ્ત કેમ શીખવાડવી?

તો, હવે તમને ખબર પડી ગઇ છે કે સ્વયંશિસ્ત કેટલી અગત્યની છે. હવે પ્રશ્ન એ છે કે માતાપિતા તેમના બાળકને સ્વયંશિસ્ત કેવી રીતે શીખવાડી શકે? નીચે કેટલાંક સૂચનો છે જે માતાપિતાને તેમના બાળકને સ્વયંશિસ્ત શીખવાડવામાં મદદ કરી શકે છે.

**એક માળખું આપોઃ** દરરોજ એક સરખુ સમય પત્રક બનાવો. તેમાં સવારની અને શાળા પછીની દિનચર્યાનો સમાવેશ થાય છે. જેનાથી બાળક તેના સમયને રોજિંદા કામ, ઘરકામ અને મનગમતી પ્રવૃત્તિઓ વચ્ચે કેમ વહેંચવો તે શીખશે. રોજ એકજ નિર્ધારિત સૂવાનો સમય પણ અગત્યનો છે જેથી તેમને ગાઢ નિદ્રા મળી રહે. તમારા બાળકની દિનચર્યાને સરળ રાખો જેથી બાળકોને તેમની પોતાની રીતે દરેક પગલાનો અમલ કઇ રીતે કરવો તે શીખવા માટે તેમને પૂરતો અભ્યાસ મળી રહે.

**નિયમો પરિણામોનો અમલ કરોઃ** તને કહ્યુને, સ્કૂલેથી આવીને તારે તારું ઘરકામ કરી નાખવાનું જ, આવું કહેવાના બદલે, અથવા તો કહો, આદેશ આપવાના બદલે આ નિયમ પાછળનું કારણ સમજાવો કહો કે 'પહેલાં તું તારું ઘરકામ કરી નાખીશ ને તો પછી તને પછી રમવાનો સમય મળશે. નહીતર રમવાનો પૂરતો સમય નહીં મળે.' આનાથી બાળકને સમજાશે કે નિયમ પાછળ કારણ શું છે અને જો તે નિયમ નહી પાળે તો શુ પરિણામ આવશે.


**યોગ્ય પરિણામોનો અમલ કરોઃ** કેટલીક વાર કુદરતી પરિણામોથી જીવનના પાઠ શીખવા મળી શકે છે. કોઇ બાળક સતત તેનો પ્રોજેક્ટ ઘરે ભૂલી જતું હોય કે ઘરે પાઠ્યપુસ્તકો ભૂલી જતું હોય અને જો તેની માતા જ્યારે તેનું બાળક ભૂલી જાય ત્યારે તે સ્કૂલે જઇને આપી આવે તે દર વખતે ભૂલી જ જશે. તેને તેની બેગ બરાબર પેક કરતા નહી આવડે. આથી, તેના બદલે જો તે પ્રોજેક્ટ કે ટેક્સ્ટબુક ભૂલી જાય તો તેને તેના શિક્ષક તરફથી ઠપકો ખાવા દો. ક્યારેક બાળકને તાર્કિક પરિણામોની જરૂર હોય છે. જો બાળક તેની માતા કે પિતાના ફોન સાથે બેકાળજીથી રમતું હોય તો તેને તેમાં ગેમ રમવાનું બંધ કરાવી દો. કંઇક કરવાની બાળકને ફરજ પાડશો તો તે સ્વયંશિસ્ત નહી શીખે પરંતુ તેને તેના વર્તનનાં પરિણામોની જાણ કરો અને તેમની સાથે સતત રહો. યાદ રાખો કે બાળકને તેના વર્તનના સંભવિત પરિણામોની તપાસ કરીને પોતાની રીતે તંદુરસ્ત નિર્ણયો કઇ રીતે કરવા તે શીખવવાની જરૂર છે.

**સારા વર્તનની પ્રશંસા કરોઃ** હંમેશાં હકારાત્મક ધ્યાન આપો અને જ્યારે તમારૂ બાળક સ્વયંશિસ્ત દાખવે ત્યારે તેની પ્રશંસા કરો. જ્યારે તમારું બાળક કોઇક ચીજ યાદ અપાવ્યા વગર કરે તે સારું વર્તન કરે ત્યારે તેની પીઠ થાબડો. તેના વખાણ કરો. ઘણી વાર સારા વર્તન તરફ માતાપિતા ધ્યાન આપતા નથી. આથી બાળકને તેના સારા વર્તન બદલ પ્રશંસા મળે ત્યારે એવી સંભાવના વધી જાય છે કે તે સારું વર્તન ફરી વાર કરશે.

**તમે પોતે સ્વયંશિસ્ત દાખવોઃ** બાળકો મોટાનું જોઇને અનુકરણ કરતા હોય છે. જો તમે તમારા કામમાં ઢીલાશ રાખતા હશો કે તમારા કામને પૂરું કરવાના બદલે ટીવી જોવા બેસી જતા હશો તો તેઓ પણ આવી જ ટેવ ધરાવવા લાગશે. આથી તમે પોતે સ્વયંશિસ્ત રાખો અને જ્યાં તમારે તમારી જાતને શિસ્ત રાખવાની વધુ જરૂર હોય તે બાબતો પર વધુ ધ્યાન આપો. કદાચ, તમે વધુ પડતા પૈસા ખર્ચતા હો, ધૂમ્રપાન કરતા હો, વધુ ખાતા હો કે જલદી ગુસ્સે થઇ જતા હો, આ બધી બાબતો પર ધ્યાન આપો અને જુઓ કે તમારું બાળક પણ આવી કુટેવો ન ધરાવવા લાગે.

**"બાળકને બળજબરી કે કડકાઈથી પ્રશિક્ષણ ન આપો, પરંતુ તેમને તેમનાં મનને આનંદ આપે તે રીતે નિર્દેશ આપો, જેથી તમે તેમની રુચિ વધુ ચોકસાઈથી જાણવા વધુ સક્ષમ નિવડશો."**

-પ્લેટો



RNI No. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad.
All articles have been selected and scrutinized by Sub editor The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386, Mo.No. 9586022210